ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૮-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ભાજપના સર્વસત્તાધીશ વિજયનો જશ રાજનાથ અને અમિત શાહને આપે છે

'ગુજરાતનો નાથ' નવલકથામાં પુત્ર કીર્તિદેવ અને પિતા મુંજાલ મહેતાની મુલાકાતનું પ્રકરણ આવે છે. નવલકથાકાર કનૈયાલાલ મુનશી અહીં એક સુંદર સંસ્કૃત સુભાષિતનો ટુકડો ટાંકે છે. પરગુણ કથયન્તઃ સ્વાન્ ગુણાન્ ગુણાન્ ખ્યાપયન્તઃ - શ્રેષ્ઠ મનુષ્યો અન્યોનાં વખાણ કરી ખરેખર તો પોતાના જ ગુણોની પ્રતિષ્ઠા કે જાહેરાત કરતા હોય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી ખાતે યોજાયેલ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં લોકસભાની ચૂંટણીનો જશ પોતે લીધો એ કરતાં સવિશેષ રાજનાથસિંહ અને અમિત શાહને આપ્યો. એમણે ક્રિકેટની ભાષામાં તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ ને કેપ્ટન ગણાવ્યા અને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહને કેપ્ટન ગણાવ્યા અને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક કે જેઓ ઉત્તરપ્રદેશના ચૂંટણી સંયોજક હતા એમને 'મેન ઓફ ધ મેચ' કહી બિરદાવ્યા. અમિત શાહ ગુજરાતના મોદી મંત્રીમંડળમાં રાજયકક્ષાના ગૃહમંત્રી હતા અને સોહરાબુદીન કાંડમાં એમને આરોપી બનાવી તડીપાર કરવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદીને આ ઉત્તર ગુજરાતનાં ચાંપા વાણિયાની ચાણક્ય બુદ્ધિનો પૂરતો પરિચય હતો. વળી એ એમના અંગત વફાદાર હતા. વિવાદાસ્પદ અમિત શાહને પહેલાં તો એમને બારોબાર રાજનાથસિંહની સંગઠન ટીમમાં મહામંત્રી બનાવ્યા અને એમના શિરે ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજયમાં ભારતીય જનતા પાર્ટીને જીતાડવાની જવાબદારી થોપી દીધી. તે સમયે કોઈએ સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય એવી અણધારી સફળતા અમિત શાહને ઉત્તરપ્રદેશના ચૂંટણી સંચાલનમાં સાંપડી હતી. અયોધ્યા ખાતે રામલલાનાં દર્શન કરી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરનાર અમિત શાહ તે સમયે ઉત્તરપ્રદેશ માટે ખૂબ ઓછા જાણીતા આગેવાન હતા. એમની કુનેહ અને વ્યુહાત્મક અભિગમ રંગ લાવ્યો, જેનું પરિણામ એમની પણ અપેક્ષા કરતાં ઘણું વધારે હતું. એમને ઉ.પ્ર.માં રીતસરનો ભગવો જ લહેરાવી દીધો. સ્થાનિક સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો મૂળમાંથી સફાયો થઈ ગયો અને બહુ ગાજેલી કેજરીવાલની આમ આદમી પાર્ટી પણ એવડા મોટા રાજયમાં ખાતું સુદ્ધાં ન ખોલાવી શકી. અમિત શાહને મળેલી આ અણધારી સફળતાએ એમને રાતોરાત રાષ્ટ્રીય નેતા બનાવી દીધા, જેની ફળશ્રુતિ લેખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક લોકોનાં વાંધાવચકા સામે ટક્કર લઈને એમને સીધા જ રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી દઈ પોતાની સર્વોપરિતાનો પરચો આપી દીધો હતો. રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં અમિત શાહની નિયુક્તિ પર મહોર લગાવી દેવાઈ અને હવે પછીની વિધાનસભાની ચૂંટણીઓમાં પણ તેઓ ઉત્તરપ્રદેશ જેવું જ પરાક્રમ કરી બતાવશે, એવી અપેક્ષા વ્યક્ત કરાઈ. ગુજરાતમાં આનંદીબહેન પટેલની સામે અમિત શાહનું જૂથ સક્રિય થાય એ પહેલાં જ અમિત શાહ ને સંગઠનની સૌથી મોટી જવાબદારી સુપરત કરી દઈ મોદીએ રાજકીય કુનેહનો જ પરચો બતાવી દીધો છે. અમિત શાહ માટે આગામી દિવસો દરમિયાન મહારાષ્ટ્ર, દિલ્હી, જમ્મુ અને કાશમીર તથા હરિયાણા જેવાં મહત્ત્વનાં રાજયોમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીઓ લિટમસ ટેસ્ટ પુરવાર થશે. મોદીના કરિશ્મા અને વાક્છટા તથા વ્યક્તિત્વનો જે લાભ લોકસભાની ચૂંટણીમાં પ્રાપ્ત થયો હતો, તેમાં થોડીક ઓટ જરૂરી આવી છે. ઉત્તરાખંડની ત્રણેત્રણ પેટા ચૂંટણીવાળી બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો છે. પરંતુ હવે જયારે કેન્દ્ર ખાતે ભાજપનું સુવાંગ શાસન છે ત્યારે મોદીના ભારતને કોંગ્રેસ મુક્ત કરવાના સંકલ્પને સાકાર કરવા અમિત શાહ તમામ તાકાત લગાવી દેશે, એ મુદ્દે બે મત ન હોઈ શકે. આ ભગીરથ કાર્ય સિદ્ધ કરવા માટે સૌનો સાથ જોઈશે. તેથી હિંદુ મતોનાં ધ્રુવીકરણ અને મુસ્લિમોના તુષ્ટીકરણ જેવા મુદ્દાઓ પર ચૂંટણી લડાવી હોય ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીઓ રસપ્રદ બની રહેશે. નરેન્દ્ર મોદીએ બૂથ દીઠ બસો 'પીએમ' કહેતં પ્રાઈમરી મેમ્બર - પ્રાથમિક સભ્યોની ફોર્મ્યુલા સૂચવીને વિજયની હેટ્રીક લગાવવામાં ગુજરાતના જ એમના જુનીયર સાથી અમિત શાહને બીજા તબક્કાના ચૂંટણી યુદ્ધમાં ઉતાર્યા છે, કહો કે દઈનો ઘોડો છુટ્ટો મૂકી દીધો છે.

## હરિની દૃષ્ટિ...




આ તો, રક્ષાબંધનમાં મારી બહેનને ઘરે વાઇફને લઇને ગયો હતો... આ બંનેને જુની વાતો યાદ આવી ગઇ... એટલે વાઇફને પ્લાસ્ટર બંધાવવા આવવું પડ્યું...!!

## ગાંધીનગર જિલ્લા ચેસ ટુર્નામેન્ટ ૨૪મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા એમ.એમ. સ્પોર્ટસ દ્વારા તા. ૨૪મી ઓગસ્ટના રોજ જુના સચિવાલય કેન્ટીમાં ગાંધીનગર જિલ્લા ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦મી ઓગસ્ટ રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓને આ સરનામે ફોર્મ મળશે.

● એમ.એમ. સ્પોર્ટસ દુકાન નં. ૬, વિજય શોપીંગ સેન્ટર, હોટલ હવેલીની બાજુમાં સે-૧૧ મો. ૯૪૨૬૩૫૬૭૮૪ ● ગેલેક્ષી સ્પોર્ટસ, એ-૨, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર સે-૨૧ મો. ૯૨૨૮૮૩૮૭૨૩ ● મંગલમ્ સ્ટુડીયો ૪૩૯, શાલીમાર સિનેમા પાસે, યુટીઆઈ બેંકની બાજુમાં સે-૧૬, મો. ૯૪૨૬૩૮૮૬૮૩ ● શ્રી રાકેશ પારેખ એફ-૪-બીજે માળ સુરભી કોમ્પ્લેક્ષ પટેલ પાર્લરની બાજુમાં ઘ-૬, સે-૨૨, મો. ૯૮૨૫૪૪૪૬૯૯ ● શ્રી દિલીપભાઈ પટેલ ૧૦૦/એ, સે-૧૯ મો. ૯૮૯૮૫૨૭૪૮૪ ● શ્રી મનીષભાઈ - નટરાજ ચશ્મા, દુકાન નં. ૧૧૬, મીના બજાર મો. ૯૯૨૪૩૯૩૧૦૯



ચૌધરી મહિલા કોલેજની એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓ દ્વારા સેક્ટર-૬ પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. ફરજ પર હાજર પોલીસ ભાઈ-બહેનોને વિદ્યાર્થીઓ દ્વારા કંકુ-તીલક કરી રાખડી બાંધવામાં આવી હતી. પોલીસભાઈઓ દ્વારા આ દીકરીઓને મોઢું મીઠી કરાવી સીનીયર પોલીસ અધિકારી શ્રી ભરવાડ સાહેબે સુરક્ષાને લગતી થોડી ટીપ્સ આપી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર મીની જોસફ મેડમે આવેલ વિદ્યાર્થીનીઓ પોલીસ સ્ટેશન, લોકઅપ વિશે માહિતી આપી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## સીએમાં પ્રવેશ મેળવવાની સીપીટી ૧૪ ડિસેમ્બરે થશે

### જાહેરનામા મુજબ પરીક્ષા દેશના ૧૬૦ શહેરોમાં યોજાશે ફી ૫૦૦ રૂપિયા હશે:૧૨ના વિદ્યાર્થી પરીક્ષા આપી શકે

અમદાવાદ,તા. ૧૦

દ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની કોમન પ્રોફિશિયન્સી એક્ઝામ (સીપીટી)નું નોટિફિકેશન જાહેર થઈ ગયું છે. આ નોટિફિકેશન મુજબ આ પરીક્ષા ૧૪મી ડિસેમ્બરે દેશના ૧૬૦ શહેરોમાં યોજાશે. આ પરીક્ષા આપવા માટે ૭થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ઓનલાઈન એપ્લીકેશન કરવી પડશે. આ પરીક્ષા માટેની ફી રૂપિયા ૫૦૦ રાખવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષે ચાર્ટડ એકાઉન્ટન્ટ (સીએ)ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે કોમન પ્રોફિશિયન્સી એક્ઝામ (સીપીટી)નું આયોજન કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે આ પરીક્ષા દેશના ૧૬૦ શહેરોમાં એક સાથે ૧૪ ડિસેમ્બરના રોજ યોજવાનું આયોજન આઈસીએઆઈ દ્વારા કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ ૭થી ૨૮ ઓક્ટોબર દરમિયાન રૂપિયા ૫૦૦ ફી જમા કરાવીને અરજી કરી શકશે. પરીક્ષામાં ભાગ લેવા માગતા વિદ્યાર્થીઓ પોતાના શહેરની સીએની બ્રાંચની ઓફિસમાંથી પોર્મ લઈને ઓફલાઈન ફોર્મ ભરી શકે છે. ધોરણ ૧૨ના વિદ્યાર્થી પણ આ એક્ઝામ આપી શકે છે. આ પેપરમાં મલ્ટીપલ ચોઈસ પેપર બે સેક્શનમાં હોય છે.

પહેલા સેક્શનમાં ફંડામેન્ટલ્સ ઓફ એકાઉન્ટિંગ ૬૦ માર્કર્સ અને મર્કન્ટાઈલ લો ૪૦ માર્કર્સનું હોય છે. આ પેપર બે કલાકનું હોય છે જ્યારે બીજા સેક્શનમાં જનરલ ઈકોનોમિક્સ ૫૦ માર્કર્સ અને ક્વોન્ટિટેટિવ એપ્ટીટ્યુડ ૫૦ માર્કર્સનું હોય છે. આ પરીક્ષામાં કોમર્સ સ્ટ્રીમ ઉપરાંત અન્ય સ્ટ્રીમના વિદ્યાર્થીઓ પણ આપી શકે છે.

## ચૌધરી કોલેજ એન.એસ.એસ. યુનિટની બહેનોએ અનામત પોલીસ દળના જવાનોને રાખી બાંધી

ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર-૭માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. યુનિટની સ્વયં સેવીકાઓએ રાજ્ય અનામત પોલીસ દળના જવાનોને રાખી બાંધી આશીર્વાદ આપ્યા હતા.

આજે ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર છે. બહેન ભાઈની કલાઈ ઉપર રાખી બાંધી પોતાના વીરાને ઉની આંચ પણ ન આવે તેવા આશીર્વાદ આપી ઓવારણા લે છે. ત્યારે આ પવિત્ર તહેવારને સેક્ટર-૭માં આવેલ પી.કે. ચૌધરી કોલેજ એન.એસ.એસ. યુનિટ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. યુનિટની સ્વયં સેવિકાઓએ સેક્ટર-૨૭માં આવેલ રાજ્ય અનામત પોલીસ દળ ડી-૧૨ના જવાનોને રાખડી બાંદી હતી.

ત્યારે ભાઈ દ્વારા બહેનને પણ ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન કંઈ આપવામાં આવતુ હોય છે ત્યારે આ જવાનોએ બહેનોને તેમની કામગીરી અને હથિયારોનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જવાનોએ એન.એસ.એસ.ની સ્વયંસેવી બહેનોને હથિયાર કેવી રીતે ચલાવાયથી લઈને સારસંભાળ સહિતની માહિતી આપી હતી. આ પ્રસંગે ડીવાયએસપી ભરત પટેલ, કોલેજ પ્રોગ્રામી ઓફિસર ડૉ. નરેન્દ્ર પટેલ સહિત કોલેજના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હત. આ પ્રસંગે સર્વ વિદ્યાલય ભગીની સંસ્થા એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓને જે.બી. પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ તિલક કરી રાખડી બાંધી હતી. સંસ્થા દ્વારા રાખડી અને ચોકલેટનું વિતરણ કર્યુ હતું. આચાર્યએ ભાઈ બહેનના પર્વનું મહત્વ સમજાવ્યું હતું.

## NTSE પરીક્ષાનો પ્રથમ ચરણ બીજી નવેમ્બરે શરૂ

### ૧૪મી ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે : પરીક્ષા માટેની નોંધણી શરૂ : ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે સ્કોલરશિપ માટે પરીક્ષા જરૂરી

અમદાવાદ,તા. ૧૦

રાષ્ટ્રીય સ્તરે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને આગળ આભ્યાસ માટે આપવામાં આવતી સ્કોલરશિપ મેળવા માટે ફરજિયાત એવી નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (એનટીએસઈ)ની પરીક્ષાનો પ્રથમ તબક્કો ૨જી નવેમ્બરે યોજાશે. આ પરીક્ષા માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે અને વિદ્યાર્થીઓએ ૧૪ ઓગસ્ટ સુધીમાં એપ્લીકેશન ફોર્મ સબમિટ કરવા પડશે.

નેશનલ ટેલેન્ટ સર્ચ એક્ઝામિશનેલ (એનટીએસઈ)ની પરીક્ષાનો પ્રથમ તબક્કો ૨જી નવેમ્બરે યોજાશે. આ પરીક્,ામાં ધોરણ ૧૦માં અભઅયાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ પરીક્ષાથી તેમની ટેલેન્ટને સ્ટેટ અને નેસનલ લેવલ પર ચકાસવામાં આવે છે ત્યારે આ પરીક્ષા માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે અને ઓગસ્ટ ૧૪ સુધીમાં એપ્લીકેશન ફોર્મ સબમિટ કરવા પડશે જ્યારે એનટીએસઈનો સેકન્ડ સ્ટેજ આગામી વર્ષે મે મહિનામાં યોજાશે. આ પરીક્ષામાં ફર્સ્ટ લેવેલ સ્ટેટ લેવલનું હોય છે જે બે ભાગમાં લેવામાં આવતું હોય છે.પહેલા ભાગમાં મેન્ટલ એબિલિટી ટેસ્ટ અને સ્કોલેસ્ટિક ટેસ્ટ હોય છે આ ઉપરાંત લેંગ્વેજ કોમ્પ્રહેન્સીવ ટેસ્ટને પણ સામેલ કરવામાં આવે છે ઉલ્લેખનીય છે કે, એનટીએસઈની પરીક્ષા પાસ કરનારા દેશભરના એક હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવે છે આ સ્કોલરશિપ અંતર્ગત ધોરણ ૧૧ અને ૧૨માં સ્કોલરશિપ તરીકે રૂપિયા ૧૨૫૦ આપવામાં આવે છે, અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટને બે હજાર અને પીએચડી માટે સ્કોલરશિપ એમાઉન્ટ યુજીસીના નિયમના આધારે આપવામાં આવે છે.

## બા શ્રી વસંત કુંવરબા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૦

સેકટર-૨૮માં આવેલ બા શ્રી વસંત કુંવરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની કુ. શમા રાઠોડે કિક બોકસીંગ સ્પર્ધામાં નેશનલ કક્ષાએ ચંદ્રક મેળવ્યો છે ત્યારે આ વિદ્યાર્થીનીને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાંથી રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવ્યા બદલ ૧૦૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો છે. કુ. શમા રાઠોડને શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળે શાળાનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

## યુનિ.ના વુમન ડેવલપમેન્ટ સેલને હવે રિસ્ટ્રક્ચર થશે

અમદાવાદ,તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસરના વિભત્સ પત્રકાંડના કારણે શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બીજી બાજુ આ ઘટના સામે આવતા યુનિવર્સિટી કેમ્પસમાં મહિલા કર્મચારીઓની સુરક્ષા સામે પ્રશ્નાર્થ સર્જાયા છે. ત્યારે યુનિવર્સિટી તંત્ર દ્વારા આવી ઘટનાઓને્ ટકાવવા માટે વુમન ડેવલપમેન્ટ સેલનું રિસ્ટ્રક્ચરીંગ કરવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રોફેસર દ્વારા મહિલા પ્રોફેસરોને બિભત્સ પત્ર લખવાના પ્રકરણમાં ભારે ચરચાર મચી જવા પામી છે. આઘટનાના કારણે યુનિવર્સિટીની ગરીમાને ઝાંખપ લાગી છે. આ સમગ્ર ઘટનામાં યુનિવર્સિટીમાં વુમન ડેવલપમેન્ટ સેલ હોવા છતાં મહિલા પ્રોફેસરની ફરિયાદ સુદ્ધા લેવાઈ ન હતી જેના કારણે સમગ્ર પ્રકરણમાં યુનિવર્સિટીની ભૂમિકા અંગે પણ ચર્ચાઓ થવા લાગી છે. ત્યારે યુનિવર્સિટીના કુલપતિ વુમન ડેવલપમેન્ટ સેલનું રિસ્ટ્રાક્ચરિંગ કરવાની ખાતરી આપી સમગ્ર મામલો શાંત પાડવાના પ્રયત્ન કરી રહ્યા છે.

આ અંગે કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં વુમન ડેવલપમેન્ટ સેલ કાર્યરત છે. અગાઉ જ્યારે આ સેલની રચના કરાઈ ત્યારે સેલના અધ્યક્ષ તરીકે રાજશ્રીબહેન ભટ્ટની નિમણૂંક કરાઈ હતી જ્યારે છેલ્લે એક વર્ષ પહેલા વુમન ડેવલપમેન્ટ સેલના નવા અધ્યક્ષ તરીકે સવિતાબહેન ગાંધીની નિમણૂંક કરાઈ છે. હાલમાં વુમન ડેવલપમેન્ટ સેલના કેટલાક સભ્યો નિવૃત્ત થઈ ચુક્યા છે. કુલપતિએ વધુમાં ઉમેર્યુ હતું કે, હાલ વુમન ડેવલપમેન્ટ સેલમાં ૧૫ સભ્ય કાર્યરત છે. જ્યારે યુજીસીના નિયમ મુજબ વુમન ડેવલપમેન્ટ સેલમાં અધ્યક્ષ સહિત વધુમાં વધુ પાંચ સભ્યો હોવા જોઈએ.

આથી આગામી દિવસોમાં વુમન ડેવલપમેન્ટ સેલને રિસ્ટ્રક્ચર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. એમએન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા યુનિવર્સિટીના બહુચર્ચિત બિભત્સપત્ર કાંડમાં તપાસ હાથ ધરવામાં આવશે. આ સમગ્ર પ્રકરણમાં સંકળાયેલા તમામ વ્યક્તિઓની સેલ દ્વારા પુછપરછ કરવામાં આવશે ત્યારબાદ સેલના રિપોર્ટ બાદ યુનિવર્સિટી પોતાની આગળની કાર્યવાહી કરશે.

## ઈન્ડિયન સાઈબર ટેલેન્ટ સર્ચ પરીક્ષા નોંધણી શરૂ

અમદાવાદ, તા.૧૦

ઈન્ડિયન સાઈબર ટેલેન્ટ સર્ચ એક્ઝામિનેશન (આઈસીટીએસ) માટે રજિસ્ટ્રેશન શરૂ થઈ ચુક્યા છે. ઓક્ટોબરમાં આયોજિત આ પરીક્ષા શરૂઆતમાં ઈન્ટરસ્કૂલ લેવલે અને ત્યારબાદ ડિસ્ટ્રિક્ટ, સ્ટેટ અને નેશનલ લેવલે યોજાય છે. આ પરીક્ષાને ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. ગ્રુપ-એમાં ધોરણ ૧૧ અને ધોરણ ૧૨, ગ્રુબ-બીમાં ધોરણ ૯ અને ધોરણ ૧૦ અને ગ્રુપ સીમાં ધોરણ સાત અને ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. શાળા સ્તરની આ પરીક્ષા ઓફલાઈન લેવાશે. જો કે, ત્યારબાદ સ્ટેટ અને નેશનલ લેવલની ઈન્ડિયન સાઈબર ટેલેન્ટ સર્ચ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવશે.



ગાંધીનગરના ઉવારસદ સ્થિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર પ્રાંગણ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી બારડે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું અને બાળકોની સાથે હાજર રહી ૨૦૦ રોપાઓનું વાવેતર કર્યું હતું. કાર્યક્રમમાં આચાર્ય ડૉ. ગમારા અને શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં કયા દેશના યાત્રી વિમાનને પૂર્વી યુક્રેનની હદમાં તોડી પાડવામાં આવ્યું ?
➜ **મલેશિયા**
૨. ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કઈ અભિનેત્રીના ઘરને સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે ?
➜ **સુચિત્રા સેન**
૩. ૨૦૧૫માં ૭મી ઈબ્સા શિખર સંમેલનની યજમાની કયો દેશ કરશે ?
➜ **ભારત**
૪. ૨૦૧૪માં કયો દેશ ૧૦ વર્ષની ઉંમરથી બાળ મજૂરી કાયદાને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો ?
➜ **બોલિવિયા**
૫. ૨૦૧૪માં કયા દેશે ગાઝા પટ્ટીમાં શાંતિ માટે મધ્યસ્થા કરી હતી ?
➜ **મિશ્ર**
૬. ૨૦૧૪માં ૧૨૭માં દુરાન્દ કપ ફૂટબોલ પ્રતિયોગિતાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
➜ **ગોવા**
૭. ૨૦૧૪માં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **બી. અશોક**
૮. ૨૦૧૪ લૌરેસ વિશ્વ ખેલ અકાદમીમાં કયા પૂર્વ ભારતીય ખેલાડીની પસંદગી કરવામાં આવી છે ?
➜ **રાહુલ દ્રવિડ**
૯. ૭મું બ્રિક્સ સંમેલન કયા શહેરમાં યોજાશે ?
➜ **ઉફા (રશિયા)**
૧૦. ૨૦૧૪ સિવિલ સર્વિસેસ પરીક્ષામાં સી-સૈટના અધ્યયન માટે કઈ સમિતિની રચના કરવામાં આવી છે ?
➜ **અરવિંદ વર્મા સમિતિ**
૧૧. ૨૦૧૪માં ફિલિપીન્સમાં કયા વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી ?
➜ **ટાયફૂન રામ્મસૂન**
૧૨. ૨૦૧૪ બ્રિક્સ દેશોએ કેટલા નાણાંની વિકાસ બેંક સ્થાપવાનું નક્કી કર્યું છે ?
➜ **૧૦૦ બિલિયન ડોલર**
૧૩. બ્રિક્સ બેંકની સ્થાપના કયા દેશમાં કરવામાં આવશે ?
➜ **શાંઘાઇ, ચીન**
૧૪. ૨૦૧૪માં ભારે ચર્ચામાં રહેલ 'હમાસ' નામના સંગઠનનો સંબંધ કયા દેશ સાથે છે ?
➜ **ફિલિસ્થીન (પેલેસ્ટાઇન)**
૧૫. ૨૦૧૪માં ભારતીય નૌસેનાનાં કયા યુદ્ધજહાજમાં દુર્ઘટના થઈ હતી ?
➜ **આઇ.એન.એસ. કુમાર**
૧૬. ૨૦૧૪ બ્રિક્સ સંમેલનનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ?
➜ **ફોર્ટલેજા (બ્રાઝીલ)**
૧૭. ૨૦૧૪માં ભારત સરકારે દેશનાં કયા ત્રણ શહેરમાં હવાઈ મથકોને આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનો દરજ્જો આપ્યો છે ?
➜ **ભોપાલ, ઇન્દોર, રાયપુર**
૧૮. આઈ.એન.એસ. કમરોટા શું છે ?
➜ **લડાકુ જહાજ**
૧૮. ૨૦૧૪માં બ્રાઝીલમાં આયોજીત બ્રિક્સ સંમેલન કેટલામું સમેલન હતું ?
➜ **છઠ્ઠું**
૧૯. યુરોપિયન કમિશનના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **જેન કલોર્ડ જુનકેર**
૨૦. ૨૦૧૪-૧૫ માટેનું સામાન્ય બજેટ કયા કેન્દ્રીય મંત્રીએ રજૂ કર્યું હતું ?
➜ **અરૂણ જેટલી (નાણાંમંત્રી)**